## ચીખલીના ખાંભડા ગામેથી 13 લાખના ખેરનાં લાકડાં ઝડપાયા

**વન** વિભાગે ખેરનાં 848 લાકડાં ભરેલી ટ્રક પકડી રૂ.25 લાખની મતા કબજે કરી તપાસ હાથ ધરી

ઘેજ: ચીખલી વનવિભાગના સ્ટાફ દ્વારા ખાંભડા ગામે ટ્રકમાંથી ખેરના લાકડાંનો ૧૩ લાખ રૂપિયાનો જથ્થો ઝડપી પાડી ટ્રક સાથે ૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. ચીખલી વિસ્તારમાં ઈમારતી લાકડાની તસ્કરીનું નેટવર્ક નાબૂદ કરવામાં, રોકવામાં નાયબ વન સંરક્ષક સહિતના ઉચ્ચ અધિકારીઓ ધરાર નિષ્ફળ રહ્યા છે.

ચીખલી રેન્જ કચેરીએથી પ્રાપ્ત વિગત મુજબ આરએફઓ સહિતના સ્ટાફ દ્વારા રાત્રિ દરમ્યાન ખાંભડા ગામના સામર ફળિયામાં ટ્રક (નં. જીજે ૩૧ ટી ૫૨૬૫)માં વાહતુક કરવા ભરેલા ખેરના ૮૪૮ નંગનો ૧૩,૧૮૫ ઘનમીટરનો ૧૩ લાખ રૂપિયાની કિંમતનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ સાથે ટ્રક કિંમત ૧૨ લાખ રૂપિયા મળી કુલ ૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. વનવિભાગના નાયબ વન સંરક્ષક, વન સંરક્ષક સહિતના ઉચ્ચ અધિકારીઓ ઈમારતી લાકડાની તસ્કરી રોકવામાં ધરાર નિષ્ફળ જોવા મળી રહ્યા છે. આ ઉચ્ચ અધિકારીઓ ઈમારતી લાકડાની તસ્કરી પર લગામ ન હોવાના કારણે જંગલો બોડા થવા સાથે લાકડા ચોરોને મોકળું મેદાન મળી જવા પામ્યું છે અને ચીખલી તાલુકો તો ઈમારતી લાકડાની તસ્કરી માટે એક સલામત વિસ્તાર હોય તેમ વાંસદા, ડાંગ જેવા વિસ્તારમાંથી ઈમારતી લાકડા લાવીને એકત્ર કરી તેને છોલીને અન્ય રાજ્યમાં સપ્લાય કરાતા હોવાનું અવારનવાર બહાર આવ્યું છે અને થોડા માસ પહેલાં ચીખલી તાલુકાના ગોડથલ વિસ્તારમાંથી ખેરના લાકડાં ભરાઈને રવાના થયેલી ટ્રક મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર વન વિભાગે ઝડપી પાડતા વલસાડ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓની પોલ ખુલી જવા પામી હતી. જેમાં પણ આ લાકડાંનો જથ્થો ક્યાંથી આવ્યો હતો તે વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું નથી. આ સ્થિતિમાં ખાંભડાથી ઝડપાયેલા ખેરના લાકડાંનો જથ્થો કોણે ભરાવ્યો હતો અને ક્યાંથી લાવી, ક્યાં પહોંચાડવાનો હતો તે બહાર આવશે કે કેમ તે પણ મોટો સવાલ છે.

## નવસારીના વિરાવળમાં નવી વરસાદી કાંસ ધસી પડતાં વિવાદ

**ચોમાસા** પહેલાં જ કાંસની આવી હાલત તો ભારે વરસાદમાં શું થશે? સ્થાનિકોનો પ્રશ્ન

નવસારી: નવસારી શહેરના વિરાવળ વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં બનાવવામાં આવેલી વરસાદી કાંસ અચાનક ધસી પડતાં વિકાસ કાર્યોની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આજે એક ભારે માલવાહક ટ્રક કાંસ પરથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક રસ્તાનો ભાગ બેસી જતાં ટ્રક કાંસમાં ફસાઈ ગઈ હતી. ઘટનાને કારણે વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, થોડા સમય પહેલાં જ આ કાંસનું નિર્માણ કરવામાં આવ્યું હતું. છતાં સામાન્ય ભાર સહન ન કરી શકતાં રોડ અને કાંસ તૂટી પડતાં લોકોમાં તંત્ર પ્રત્યે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વિકાસ કામોમાં નબળી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હોઈ શકે છે, જેના કારણે આવી સ્થિતિ સર્જાઈ છે. નવસારી મહાનગરપાલિકાના અધિકારીઓએ ટ્રકને બહાર કાઢવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

થોડા સમય બાદ ટ્રાફિકને ફરી સામાન્ય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના વિડીયો અને તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકો દ્વારા તંત્રની કામગીરી સામે ભારે ટીકા થઈ રહી છે. સ્થાનિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે ચોમાસા પહેલાં જ જો નવી કાંસની આવી હાલત થઈ રહી છે, તો ભારે વરસાદ દરમિયાન શું સ્થિતિ સર્જાશે. હાલ તંત્ર દ્વારા મામલે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## શરબતિયા તળાવ બચાવવા કોર્ટનો હસ્તક્ષેપ, પાલિકાનાં કામો પર બ્રેક

**તળાવનું** મૂળ સ્વરૂપ બદલવાનો પ્રયાસ, વર્ષો જૂનાં વૃક્ષો પણ કાપી નંખાયાના આક્ષેપો



નવસારી: નવસારી શહેરના હૃદયસ્થાને આવેલા ઐતિહાસિક શરબતિયા તળાવને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે અદાલતે સીધો હસ્તક્ષેપ કરતાં મહાનગરપાલિકાની કામગીરી પર તાત્કાલિક રોક લગાવતો મહત્ત્વનો આદેશ કર્યો છે. શહેરના પર્યાવરણ અને કુદરતી જળસ્રોતોના અસ્તિત્વ માટે આ નિર્ણયને અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

નવસારીના જાગૃત નાગરિક અને એડવોકેટ કેરસી કે. દેબુ દ્વારા દાખલ કરાયેલા સિવિલ સૂટમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે નવસારી મહાનગરપાલિકા દ્વારા સિટી સરવે નંબર ૩૭૩૨માં આવેલા અંદાજે ૧૭ હજાર ચોરસ મીટર વિસ્તાર ધરાવતા શરબતિયા તળાવનું મૂળ સ્વરૂપ બદલવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અરજી મુજબ તળાવમાં માટી પુરાણ, આર.સી.સી. બાંધકામ અને રોડ નિર્માણ જેવી કામગીરી કરવામાં આવી રહી હતી. સાથે જ વર્ષો જૂના વૃક્ષો પણ કાપી નાંખવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા.

આ મામલે એડિશનલ સિનિયર સિવિલ જજ ભાવેશ કે. શાહે પ્રાથમિક દલીલો અને દસ્તાવેજોને ધ્યાને લઈ નોંધ્યું હતું કે જો હાલની કામગીરી ચાલુ રહેશે, તો કુદરતી સંપત્તિને કાયમી નુકસાન પહોંચી શકે છે. કોર્ટે પાલિકા અને સંબંધિત તંત્રને તળાવની હદથી ૩૦ મીટર સુધીના વિસ્તારમાં કોઈપણ પ્રકારનું નવું બાંધકામ, ખોદકામ કે વિકાસ કાર્ય ન કરવા આદેશ આપ્યો છે. સાથે જ હાલ ચાલી રહેલી તમામ કામગીરી પણ તાત્કાલિક બંધ રાખવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

અદાલતે સમગ્ર મામલે મહાનગરપાલિકાને નવી નોટિસ પાઠવી આગામી સુનાવણી ૧૯ જૂન ૨૦૨૬ના રોજ નિર્ધારિત કરી છે. કોર્ટના આ આદેશ બાદ શહેરમાં શરબતિયા તળાવને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વધુ તેજ બની છે. પર્યાવરણપ્રેમીઓનું માનવું છે કે શહેરના ઝડપી કોંક્રિટકરણ વચ્ચે ઐતિહાસિક તળાવો અને કુદરતી જળસ્રોતોનું અસ્તિત્વ જાળવવું સમયની સૌથી મોટી જરૂરિયાત બની ગઈ છે. બીજી તરફ હવે સૌની નજર આગામી સુનાવણી અને પાલિકાના આગામી વલણ પર ટકેલી છે.

## નવસારીમાં વર્ગ-1ના વહીવટી અધિકારીઓની બદલી, નવી નિમણૂકોને લઈ ચર્ચા

**જે.એન.** લીખ્યાનીને નવસારી ખાતે રેસિડેન્ટ કલેક્ટર તરીકે નિયુક્ત

નવસારી: ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં વર્ગ-૧ના વહીવટી અધિકારીઓની મોટા પાયે બદલી અને નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. ગાંધીનગર સ્થિત જનરલ એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આ હુકમોમાં કુલ ૭૧ જેટલા અધિકારીઓના બદલીના આદેશો સામેલ છે. આ ફેરફારોમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થતાં સ્થાનિક વહીવટી તંત્રમાં નવી ગતિવિધિઓ શરૂ થઈ છે.

નવસારી જિલ્લામાં રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર તરીકે સેવા આપતા વાય.બી. ઝાલાની બદલી ગાંધીનગર ખાતે એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન કચેરીમાં કરવામાં આવી છે. સાથે જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (ડી.આર.ડી.એ.)માં ફરજ બજાવતા ડી.એમ. પંડ્યાને ગાંધીનગર સ્થિત ગુજરાત સોશિયલ ડેવલપમેન્ટ સોસાયટીમાં એડિશનલ કલેક્ટર તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

બીજી તરફ નવસારી જિલ્લામાં ત્રણ નવા અધિકારીઓની એન્ટ્રી થઈ છે. ગાંધીનગરના રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશનર કચેરીમાં ફરજ બજાવતા જે.એન. લીખ્યાનીને નવસારી ખાતે રેસિડેન્ટ કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત તાપી જિલ્લાના ડી.આર.ડી.એ. વિભાગમાં સેવા આપતા કુમારી કે.એસ. પટેલની નવસારી ડી.આર.ડી.એ.માં બદલી કરવામાં આવી છે. જ્યારે ભરૂચ જિલ્લાના ડી.આર.ડી.એ.માં ફરજ બજાવતા કુમારી એન.એચ. પટેલને નવસારી ખાતે ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના આ વહીવટી ફેરફારો બાદ નવસારી જિલ્લાના તંત્રમાં કામગીરીની નવી દિશા અને ગતિ જોવા મળશે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.

## નવસારી જિલ્લામાં વાજબી ભાવની દુકાનો પર આકસ્મિક ચેકિંગ

નવસારી: જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા વિભાગ તેમજ તાલુકા કક્ષાની સંયુક્ત ટીમોએ કુલ ૯ વાજબી ભાવની દુકાનોમાં ચેકિંગ કરતાં અનેક સ્થળોએ અનાજના જથ્થામાં ગંભીર ગેરરીતિ સામે આવી હતી. તપાસ દરમિયાન ચીખલી તાલુકાના ઘોડવણી ગામની દુકાનમાં ઘઉં, ચોખા અને ચણાનો જથ્થો ઓછો મળ્યો હતો. જ્યારે નવસારી શહેરના પાંચ હાટડી વિસ્તારમાં આવેલી દુકાનમાં ઘઉં, ચોખા, ખાંડ અને તુવેર દાળ સહિત હજારો કિલો જથ્થામાં ઘટાડો નોંધાયો હતો. ઉપરાંત મીઠું અને ચણાનો વધારાનો જથ્થો પણ મળી આવતા વિતરણ પ્રક્રિયા સામે સવાલો ઉભા થયા છે. વાંસદા તાલુકાના સીતાપુર ગામ અને ખેરગામ તાલુકાના કાકડવેરી ગામની દુકાનોમાં પણ અનાજની ઘટ સામે આવી હતી. તપાસ દરમિયાન કેટલીક દુકાનોમાં જરૂરી રેકોર્ડ અને નિયમ મુજબની તકેદારી ન જાળવાતી હોવાની બાબતો પણ બહાર આવી છે. સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ જિલ્લા પુરવઠા વિભાગે સંબંધિત દુકાન સંચાલકોને નોટિસ ફટકારી છે.

## વેસ્મા ગામ નજીકની પ્રોસેસિંગ ફેક્ટરીમાં વિકરાળ આગ લાગી

**કર્મચારીઓને** સમયસર બહાર કાઢી લેવાતાં જાનહાનિ ટળી



નવસારી: નવસારી જિલ્લાના જલાલપોરના વેસ્મા ગામ નજીક આવેલી જલતારા પ્રોસેસર્સ ફેક્ટરીમાં આજે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. રાજહંસ મેટ્રો પરિસરમાં આવેલી ફેક્ટરીમાંથી ઉઠેલા કાળા ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા, જેના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકો સ્થળ પર એકત્ર થઈ ગયા હતા.

આગની ગંભીરતા જોતા નવસારી તેમજ પલસાણા ફાયર વિભાગની ટીમોને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ કલાકોની ભારે જહેમત બાદ પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે, આગ લાગતી વખતે ફેક્ટરીમાં રહેલા કર્મચારીઓને સમયસર બહાર કાઢી લેવાતા કોઈ જાનહાનિ થઈ નહોતી. પ્રાથમિક અંદાજ મુજબ આગમાં ફેક્ટરીની મશીનરી, કાચો માલ અને તૈયાર માલસામાન સહિત લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગવાનું કારણ હજુ સ્પષ્ટ બન્યું નથી, પરંતુ શોર્ટ સર્કિટ અથવા ટેકનિકલ ખામીના કારણે આગ લાગી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર પણ સ્થળ પર પહોંચી ગયું હતું અને સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. આગને કારણે આસપાસના વિસ્તારમાં થોડો સમય ગભરાટનો માહોલ રહ્યો હતો, જોકે હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

## જેની આંગળી પકડી ચાલતા શીખી તે પિતાએ જ સગીર દીકરીને પીંખી નાંખી

**ગણદેવી** પંથકની ઘટના, 20 દિવસમાં અનેક વખત દુષ્કર્મ આચર્યું, નરાધમ પિતાની ધરપકડ

### નરાધમ પિતાને કડકમાં કડક સજાની માંગ

જે પિતાના ખોળામાં ઉછરેલી દીકરી સાથે તેનાજ સગા પિતાએ છેલ્લા 20 દિવસથી એકથી વધારે વખત દુષ્કર્મ કરતાં સમગ્ર તાલુકાની પ્રજા આવા નારાધન પિતા સામે ફીટકાર વરસાવી તેને કડકમાં કડક સજા મળે તેવી માંગ કરી રહ્યા છે. દીકરીની માતાની ફરિયાદના આધારે ગણદેવી પોલીસ હ્યુમન રિસોર્સીસ અને ટેક્નિકલ સોર્સની મદદથી આરોપીની ધરપકડ કરી હતી.

બીલીમોરા: ગણદેવી પંથકમાં એક બાપે તેની એકની એક સગીર દીકરીને હવસનો શિકાર બનાવતા સમગ્ર તાલુકો હચમચી ઉઠ્યો છે. જે બાપની આંગળી પકડીને ચાલતા શીખેલી દીકરીને જ સગા બાપે પિંખી નાખતા ભાગી છૂટેલા આ વિકૃત નરાધમ બાપની પોલીસે લાંબી શોધખોળના અંતે ધરપકડ કરી હતી.

બનાવ ગણદેવી પંથકનો છે, જ્યાં એક ૧૫ વર્ષની સગી દીકરીને તેના જ સગા બાપે હવસનો એકથી વધુ વખત શિકાર બનાવતા સંસ્કારી ગણદેવી તાલુકાનું માથું શરમથી ઝૂકી ગયું છે. પોતાના ઘરમાં જ ટેલરિંગનો વ્યવસાય કરતો ૪૩ વર્ષના આ નરાધમ બાપે તેની જ એકની એક સગી દીકરી ઉપર દાનત બગાડી હતી.

નાદાન દીકરી બાપના કૃત્યથી હેબતાઈ ગઈ હતી અને શું કરવું તેની ગડમથલમાં તેની માસીની દીકરીને પિતાની કરતૂતો જણાવી હતી. બંને જણી સગીર હોવાથી શું કરવું કે શું ન કરવું તેની ગડમથલમાં વાત તેની માતા સુધી પહોંચી હતી, ત્યારે માતાના પગ તળેથી ધરતી સરકી ગઈ હતી. દીકરીના મોઢે બનાવની કબૂલાત બાદ માતાના પિયર પક્ષ તરફથી આ નરાધમને તેની કર્યાની સજા મળવી જોઈએ એવા દૃઢ નિશ્ચય સાથે પતિ વિરુદ્ધ તેણે કરેલા અધમ કૃત્યની ફરિયાદ ગણદેવી પોલીસમાં નોંધાવી છે.

## સાપુતારામાં મેઘરાજાના આગમને NHAIનું રોડ સર્જરી મિશન?





ગિરીશ ભોયે

**વરસાદની** વચ્ચે થઈ રહેલી પેચવર્કની કામગીરી કેટલા દિવસ ટકશે? મુસાફરો આશ્ચર્યમાં

સાપુતારા: સાપુતારા અને તેની આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ મીની વાવાઝોડા અને તેજ પવન સાથે વરસાદી ઝાપટા શરૂ થઈ ગયા છે. ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ની એક આશ્ચર્યજનક કામગીરી સામે આવી છે. ઝાપટાની વચ્ચે જ સાપુતારા-શામગહાન રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પ્રિ-મોન્સૂન અંતર્ગત રોડ મરામતની કામગીરી હાથ ધરવામાં આવતા સ્થાનિકોમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે.

આહવા-સાપુતારા સુધીનો આ આખો રાષ્ટ્રીય ધોરીમાર્ગ લાંબા સમયથી અત્યંત બિસમાર હાલતમાં ફેરવાઈ ગયો હતો. વાસ્તવમાં, ચોમાસું બેસે તે પહેલાં જ ખૂબ વહેલી આ પ્રિ-મોન્સૂનની કામગીરી આટોપી લેવાની જરૂર હતી, જેને બદલે તંત્ર દ્વારા છેક અત્યારે જ્યારે વરસાદ શરૂ થઈ ચૂક્યો છે ત્યારે આ પેચવર્ક (થીગંડા મારવાની) કામગીરી ઉતાવળે શરૂ કરવામાં આવી છે. હાલમાં વરસાદી ઝાપટા ચાલુ હોવા છતાં જે પ્રકારે રોડ પર પેચ મારવામાં આવી રહ્યા છે, તેને લઈને અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકો અને મુસાફરોમાં એ જ ચર્ચા અને મોટો પ્રશ્નાર્થ ચિહ્ન છે કે, પાણી અને વરસાદની વચ્ચે થઈ રહેલી આ મરામત આખરે કેટલા દિવસ ટકશે? ચોમાસાના પહેલા જ રાઉન્ડમાં કરોડોના ખર્ચે થતાં થીંગડા ધોવાઈ જશે તેવી પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે.



## દાંતેજમાં નહેર કિનારે મગર દેખાતા ભયનો માહોલ

નવસારી: દાંતેજ વિસ્તારની નહેર પાસે એક વિશાળ મગર ફરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થતા એક સ્થાનિક યુવકે મગરનો વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં કેદ કર્યો હતો. થોડા જ સમયમાં આ વિડીયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક લોકોએ વન વિભાગને જાણ કરતાં ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને નહેર આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. સાથે જ સ્થાનિક લોકોને નહેર નજીક ન જવા, બાળકોને એકલા બહાર ન છોડવા અને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસોથી વિસ્તારમાં પાણીનો પ્રવાહ વધતા જળચર પ્રાણીઓ વસાહત તરફ આવવાની શક્યતા વધી છે. અગાઉ નવસારીના મરોલી કાંઠા વિસ્તારમાં પણ મગર દેખાવાની ઘટનાઓ બની હતી, પરંતુ રહેણાંક વિસ્તારની આટલી નજીક મગર દેખાતા લોકોમાં વધુ ભય ફેલાયો છે. વન વિભાગ દ્વારા હાલ સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન : + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, + ૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯

**ઈ-હરાજી વેચાણ નોટીસ**

**સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ડ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

**હરાજીની તા.૨૨/૦૬/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તા.૧૯/૦૬/૨૦૨૬ અને ૨૦/૦૬/૨૦૨૬**

| અ. નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફલેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક | બાકી લેણા (રૂા. લાખમાં) તા.૩૧.૦૫.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **મેડિકલ કોલેજ** / શ્રી ધર્મેશ ભુપતભાઈ હૂન ૧૦.૦૧.૨૦૨૫ | **શ્રી ધર્મેશ ભુપતભાઈ હૂન** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે પ્રમુખ હાઈટ્સ ની બિલ્ડીંગ નં. સી ના ૧લા માળનો ફ્લેટ નં. ૧૦૪ માપ ૭૨.૦૪ ચો.મીટર બીલ્ટઅપ એરીયા અને માપ ૫૬.૪૬ ચો.મીટર કારપેટ એરીયા ના વણવહેચાયેલ પ્રમાણસર હિસ્સા સહિત માપ ૨૯.૪૭ ચો.મીટર જે જમીન નો એફ.પી.નં. ૨૦૧, માપ ૬૩૭૪ ચો.મીટર, ટી.પી.સ્કીમ નં. ૬૬ (કોસાડ-વરીયાવ), બ્લોક નં.૭૩૯ ( રે.સ.નં.૪૫૦- ૩) માપ ૯૧૦૬ ચો.મીટર, ગામ. કોસાડ, સબ ડિસ્ટ્રીક. અડાજણ, જી. સુરત ખાતે આવેલ છે. | ફલેટ / પ્રત્યક્ષ | **રૂા.૩૨.૭૯ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૯,૨૯,૫૦૦/- ૨) ૨,૯૨,૯૫૦/- ૩) ૧૦,૦૦૦/- | **સંદિપકુમાર જા ૮૯૮૦૦૨૬૭૭૬** |
| ૨. | **ઓલપાડ** / વસંતબેન ધીરૂભાઈ બેલડીયા ૦૯.૦૪.૨૦૨૧ | વસંતબેન ધીરૂભાઈ બેલડીયા અને રવિ ધીરૂભાઈ બેલડીયા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત શ્રી દર્શન રેસીડન્સી સ્થિત ખુલ્લો પ્લોટ નં.૮૨ (૬૩૬/૮૨) રેવન્યુ સર્વે નં.૮૪, બ્લોક નં.૬૩૬ ગામ માસ્મા, તા.ઓલપાડ, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૨૮.૪૨ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૦,૮૯,૦૦૦/- ૨) ૧,૦૮,૯૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **આંનદ મોગર ૮૯૮૦૦૨૬૬૬૧** |
| ૩. | **એમએસએમઈ** / ગોમા લાલ ૨૩.૦૪.૨૦૨૪ | ગોમા લાલ શકુંતલાદેવી | પ્લોટ નં. ૫૧ એરિયાનું ક્ષેત્રફળ ૪૮.૦૨ ચો. વાર, કે.જે.પી મુજબ બ્લોક નં. ૩૭૬/૫૧, એરિયાનું ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી, શ્રી ગોર્વધન ડ્રીમ રેસીડન્સી, અવિભાજીત હકક અને હિસ્સો સાથેનો કોમન રોડ અને સી.ઓ.પી. ક્ષેત્રફળ ૨૬.૨૩ ચો.મીટર જમીન નો રી-સર્વે/બ્લોક નં.૨૯૩, જુનો બ્લોક નં. ૩૫૩/એ, રીવાઈઝ બ્લોક નં. ૩૭૬, ક્ષેત્રફળ ૨૫૯૩૬ ચો.મીટર મોજે ગામ-હલધારૂ, તા-કામરેજ, જી. સુરત. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૧૧.૮૦ + અન્ય ચાર્જીસ** | ૧) ૭,૬૫,૦૦૦ ૨) ૭૬,૫૦૦ ૩) ૧૦,૦૦૦ | **પ્રનોતી એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫** |
| ૪. | **એમએસએમઈ** / મંજૂ સીંગ ૧૨.૦૭.૨૦૨૪ | મંજૂ સીંગ | શ્રી ગોર્વધન ડ્રીમ રેસીડન્સી નો પ્લોટ નં.૨૪૨ એરિયા મુજબ માપ ૮૨.૦૦ ચો.વાર એટલે કે ૬૮.૫૬ ચો.મીટર ,કેજેપી મુજબ બ્લોક નં.૩૭૬/૨૪૨ માપ એરીયા ૬૫.૬૪ચો.મી. મિલકત ના રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા ૩૯.૯૬ ચો.મીટર સાથે બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં. ૨૯૩, જુના બ્લોક નં.૩૫૩/એ, બદલાયેલ બ્લોક નં. ૩૭૬ માપ ૨૫૯૩૬ ચો.મીટર મોજે ગામ. હલધરૂ, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૧૬.૮૩ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૩,૪૦,૦૦૦ ૨) ૧,૩૪,૦૦૦ ૩) ૧૦,૦૦૦ | **પ્રનોતી એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫** |
| ૫. | **એમએસએમઈ** / દિનેશભાઈ પીઠાભાઈ બલદાનીયા ૨૩.૦૪.૨૦૨૪ | કંચનબેન દિનેશભાઈ બલદાનીયા | ચંદ્રદર્શન રેસીડન્સી ૧ નો પ્લોટ નં. ૧૬૮ (કે.જે.પી મુજબ બ્લોક નં. ૩૦૯-૧૬૮), ક્ષેત્રફળ ૧૦૯.૧૧ ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર પહેલા માળનાં બાંધકામ સાથે, બિલ્ડઅપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૮.૬૪ ચો.મી, અવિભાજીત હક્ક અને હિસ્સા સાથેનો રોડ અને સીઓપી સાથે, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૩૨૬, બ્લોક નં. ૩૦૯, ક્ષેત્રફળ ૨૬૨૮૧ ચો.મી., ગામ-કામરેજ, તાલુકો-કામરેજ, જી-સુરત. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૩૮.૯૨ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૫,૫૦,૦૦૦ ૨) ૨,૫૫,૦૦૦ ૩) ૧૦,૦૦૦ | **પ્રનોતી એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫** |
| ૬. | **નાનાવરાછા રોડ** / સોલંકી મુનાભાઈ ધરમશીભાઈ ૧૦.૦૪.૨૦૨૪ | અસ્મિતાબેન મુનાભાઈ સોલંકી | રાજનંદિની રેસીડેન્સી, વિભાગ-૧, નો પ્લોટ નં.૦૫, શુભલક્ષ્મી રો હાઉસ ની બાજુમાં, વ્રજ વિલા રેસીડેન્સી પાસે, ઉમરા, ઓલપાડ, સુરત-૩૯૪૧૫૦ ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૨૧.૧૧ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૨,૯૮,૦૦૦ ૨) ૧,૨૯,૮૦૦ ૩) ૧૦,૦૦૦ | **જંગબહાદુર ૮૯૮૦૦૨૧૦૬૨** |
| ૭. | **હની પાર્ક** / શુભાષભાઈ ગુણીલાલ કનોજીયા ૧૦.૧૨.૨૦૨૧ | સંગીતા સુભાષ કનોજીયા અને સુભાષભાઈ ગુણીલાલ કનોજીયા | **આરાધના ડ્રીમ વિભાગ-૨ સ્થિત પ્લોટ નં.૮૯**, જેનું માપ એરીયા ૭૨.૦૦ ચો .વાર,(કેજેપી મુજબ બ્લોક નં. ૧૬૧/૮૯ માપ ૬૦.૨૨ ચો.મી.)જે સોસાયટીના કોમન રોડ અને સીઓપી ના વણવહેચાયેલ હિસ્સા સહીત માપ ૨૯.૬૭ ચો.મીટર જમીનનો બ્લોક નં.૧૬૪, મોજે ગામ જોળવા, તાલુકા પલસાણા, જી.સુરત ખાતે શ્રીમતી સંગીતા સુભાષ કનોજીયા અને શ્રી સુભાષભાઈ ગુણીલાલ કનોજીયા ના નામે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૨૨.૮૩ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૦,૭૧,૦૦૦/- ૨) ૧,૦૭,૧૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫** |

**સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ**

તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com પર જાવ.
સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, +૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯ નો સંપર્ક કરે.
**(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)**

SCAN HERE For detailed Terms & Conditions

તા.૦૪.૦૬.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા

## નવસારી મહાપાલિકાએ કેનાલમાં ગંદકી કરનારા 4ને દંડ ફટકાર્યો



નવસારી: નવસારીના વિરાવળ માર્કેટ વિસ્તારમાં કેનાલ અને જાહેર રસ્તાઓ પર બેફામ રીતે કચરો ફેંકી ગંદકી ફેલાવનારાઓ સામે મહાનગરપાલિકાએ કડક કાર્યવાહી કરતાં ગંદકી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. વિરાવળ માર્કેટ અને કેનાલ રોડ વિસ્તારમાં સતત વધી રહેલી ગંદકી મુદ્દે પાલિકાને વારંવાર રજૂઆતો મળી રહી હતી. સ્થળ નિરીક્ષણ દરમિયાન કેનાલમાં તરતા થર્મોકોલ બોક્સ અને ફેલાયેલી ગંદકી જોઈ તંત્રે કડક વલણ અપનાવ્યું હતું. ત્યારબાદ તાત્કાલિક ટીમોને મેદાનમાં ઉતારી ગંદકી ફેલાવનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે શહેરની સ્વચ્છતા સાથે ચેડાં કરનાર કોઈને પણ છોડવામાં નહીં આવે. આગામી દિવસોમાં પણ વિરાવળ માર્કેટ, મચ્છી માર્કેટ અને આસપાસના વિસ્તારોમાં સતત ચેકિંગ હાથ ધરાશે અને નિયમોનો ભંગ કરનારાઓ સામે આકરા દંડની કાર્યવાહી ચાલુ રહેશે.

## પૂર્ણેશ્વર વિસ્તારમાં સોશિયલ મીડિયાના વિવાદમાં મારામારી

**સ્થાનિક** યુવક અને નગરસેવિકા પરિવાર વચ્ચે મારામારી, માહોલ ગરમાયો

નવસારી: નવસારી શહેરના પૂર્ણેશ્વર વિસ્તારમાં સોશિયલ મીડિયા પર કરવામાં આવતી ટિપ્પણીઓ અને આક્ષેપોને લઈને વિવાદ ઉગ્ર બનતાં સ્થાનિક યુવક અને નગરસેવિકા પરિવાર વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. સ્થાનિક યુવક વિરેન્દ્રપ્રસાદ શુક્લા છેલ્લા કેટલાક દિવસોથી દારૂના નશામાં સોશિયલ મીડિયા તેમજ વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્થાનિક નગરસેવિકા અંગે અભદ્ર ભાષામાં ટિપ્પણીઓ કરતો હોવાનો આક્ષેપ છે. આ મુદ્દે અનેક વખત સમજાવવાનો પ્રયાસ છતાં પરિસ્થિતિ શાંત થઈ નહોતી. ગઈ રાત્રે નગરસેવિકા જશુબેન રાઠોડના પુત્ર ભૂમિત રાઠોડ યુવક સાથે વાતચીત કરવા પહોંચ્યા હતા. શરૂઆતમાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, પરંતુ બાદમાં મામલો ઉગ્ર બનતા હાથાપાઈ સુધી પહોંચી ગયો હતો. ઝપાઝપી દરમિયાન બંને પક્ષના લોકોને ઈજાઓ પહોંચી હતી. ઘટનામાં જશુબેન રાઠોડના હાથમાં ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે વિરેન્દ્રપ્રસાદ શુક્લાના માથાના ભાગે ઈજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ જલાલપોર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષોના નિવેદન લઈ તપાસ શરૂ કરી હતી.